ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી

# GUJARAT UNIVERSITY

**( NAAC Accredited B ++ )**
**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43
& 26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/ ૩૯૨૬૬ /૨૦૧૭ તા. ૨૩-૦૫-૨૦૧૭

**પરિપત્ર નં. : ૧૬૬**

**વિષય : પુન:મૂલ્યાંકન અંગે.**

તા. ૧૮-૮-૨૦૧૨ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ ક્રમાંક ૨૮ મુજબ પુન:મૂલ્યાંકન અંગેના નિયમો નક્કી કરવામાં આવેલ છે. પરીક્ષા સુધારણા સમિતિની તા. ૧૨-૦૫-૨૦૧૭ની મીટિંગમાં નક્કી થયા મુજબ પુન:મૂલ્યાંકનના નિયમો નીચે મુજબ રહેશે.

૧. વિદ્યાર્થીએ પુન:મૂલ્યાંકન માટે નિયત Online અરજીપત્રક જે તે પરીક્ષાનું પરિણામ (ગુણપત્રક) જાહેર થયાની તારીખથી સળંગ પંદર દિવસ સુધીમાં પુન:મૂલ્યાંકનની ફી તથા માર્કશીટની સ્વ-પ્રમાણિતની સુવાચ્ય નકલ અથવા સ્વ-પ્રમાણિત ઈન્ટરનેટની નકલ અથવા આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કૉલેજ રેકોર્ડની નકલ સાથે કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૨. (મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ પરીક્ષાઓમાં) :
   (૧) તમામ પરીક્ષાઓમાં, તમામ સેમેસ્ટરમાં કોઈપણ ત્રણ પેપરમાં પુન:મૂલ્યાંકન કરવાની સવલત વિદ્યાર્થીને આપવી.
   (૨) મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ થીયરી પરીક્ષાઓમાં રીચેકિંગની પદ્ધતિ નાબુદ કરવી.
   (૩) પુન:મૂલ્યાંકનની પ્રક્રિયા માત્ર એકજ વખત થશે અને તેનું પરિણામ અંતિમ ગણાશે.
   (૪) પુન:મૂલ્યાંકનની ભરેલ ફી પરત મળી શકશે નહીં. તેમજ અન્યના નામે તબદીલ થઈ શકશે નહીં.

૩. વિદ્યાર્થીએ પુન:મૂલ્યાંકનથી મેળવેલ ગુણની તેના ગુણપત્રક પર અસર આપવામાં આવશે. પુન:મૂલ્યાંકનથી સુધરેલ ગુણ/પરિણામના આધારે ચંદ્રક/પારિતોષિક/ઈનામ મંળવવાને હક્કદાર બનશે નહીં. પુન:મૂલ્યાંકનનું પરિણામ વિદ્યાર્થીને પ્રતિકૂળ હોય તેમ છતાં બંધનકર્તા રહેશે.

૪. આંતરિક ગુણાંકન, પ્રેક્ટિકલ, વાઈવા, ડિઝર્ટેશન, સેમિનાર કે ટર્મવર્કનું પુન:મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.

૫. કોઈપણ પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ તે પરીક્ષામાં પુન:મૂલ્યાંકન દાખલ કરી શકાશે નહીં. જે પરીક્ષામાં પુન:મૂલ્યાંકન દાખલ કર્યા પછીના વર્ષમાં દાખલ કરી શકાશે.

૬. પુન:મૂલ્યાંકન માટે પેપરદીઠ રૂ. ૨૫૦/- ફી ભરવાની રહેશે. જ્યારે એન્જિનિયરિંગ, મેડિકલ, (ફાઈનલ એમ.બી.,બી.એસ., બી.ડી.એસ., ફિઝિયોથેરાપી) વિદ્યાશાખા માટે પેપરદીઠ રૂ. ૫૦૦/- ફી ભરવાની રહેશે. (અરજીના નાણા રોકડેથી જમા લેવામાં આવશે.)

૭. વિદ્યાર્થી પોતાની ઉત્તરવહીનું પુન:મૂલ્યાંકન કરવા માટે અરજી કરી શકશે.

૮. રૂબરૂમાં ઉત્તરવહી તપાસવાની કે બતાવવામાં આવશે નહીં.

પુન:મૂલ્યાંકનના ઉપરોક્ત નિયમો માત્ર ચાલુ સેમેસ્ટર પુરતા જ લાગુ પડશે. આ નિયમોની પુન: સમીક્ષા કર્યા પછી જ આગળના સેમેસ્ટરમાં લાગુ કરવા કે નહીં તે પરીક્ષા સુધારણા સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

કા. કુલસચિવ.